# એકમ-9 સાર્વજનિક ગ્રંથાલય પદ્ધતિનું સંયોજનાત્મક માળખું ORGANISATIONAL STRUCTURE OF PUBLIC LIBRARY SYSTEM

: રૂપરેખા :


9.0 ઉદ્દેશો

9.1 પ્રસ્તાવના

9.2 સાર્વજનિક ગ્રંથાલય પદ્ધતિના સંયોજનાત્મક માળખાનો ખ્યાલ

9.2.1 વ્યાખ્યાઓ

9.2.2 ઘટકો

9.3 ભારતમાં સાર્વજનિક ગ્રંથાલયનું માળખું

9.4 આદર્શ સાર્વજનિક ગ્રંથાલય વિધેયક દ્વારા સૂચિત સંયોજનાત્મક માળખું

9.4.1 રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય

9.4.2 વિભાગીય / પ્રાદેશિક ગ્રંથાલયો

9.4.3 જિલ્લા ગ્રંથાલય અને તેની શાખાઓ

9.5 ભારતના રાજ્યોમાં સાર્વજનિક ગ્રંથાલય પદ્ધતિનું સંયોજનાત્મક માળખું (વૈયક્તિક અભ્યાસો)

9.5.1 મહારાષ્ટ્ર

9.5.2 આન્ધ્રપ્રદેશ

9.5.3 તામિલનાડુ

9.5.4 કર્ણાટક

9.6 સારાંશ

9.7 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

9.8 ચાવીરૂપ શબ્દો

9.9 સંદર્ભો અને વિશેષ વાચન


## 9.0 ઉદ્દેશો (OBJECTIVES)

◆ **આ એકમ અધ્યયન બાદ તમે આ બાબતથી સક્ષમ બનશો :**

- સાર્વજનિક ગ્રંથાલય પદ્ધતિના સંયોજનાત્મક માળખાની વિચારધારાને વ્યાખ્યાયિત કરવી.
- આદર્શ સાર્વજનિક ગ્રંથાલયધારા દ્વારા સૂચવાયેલ તેના ઘટકો અને કાર્યો જણાવવા અને
- ભારતના મહારાષ્ટ્ર, આન્ધ્રપ્રદેશ, તામિલનાડુ અને કર્ણાટક રાજ્યોની સાર્વજનિક ગ્રંથાલય પદ્ધતિઓના સંયોજનાત્મક માળખાને વર્ણવવા

## 9.1 પ્રસ્તાવના : (INTRODUCTION) :

સાર્વજનિક ગ્રંથાલય પદ્ધતિને આ પ્રમાણે વ્યાખ્યાયિત કરી શકાય જે સંબંધિત સેવા એકમોનું એક સંયોજિત માળખું છે જેના નીચે દરેક એકમને પદ્ધતિના અંતર્ગત એક ભાગ તરીકે પૂર્વનિર્ધારિત ભૂમિકા સોંપાયેલ હોય છે. વધુમાં પદ્ધતિનો દરેક એકમ સૌથી ઉપરથી (રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય) શરૂ કરીને સૌથી નીચે (ગ્રામ ગ્રંથાલય), મધ્યસ્થ એકમોમાંથી વહીવટીય, નાણાકીય અને કર્મચારી સહાય પ્રાપ્ત કરશે. તેથી સારી રીતે સંયોજિત સાર્વજનિક ગ્રંથાલય પદ્ધતિ વ્યક્તિગત ગ્રંથાલયોને સ્વતંત્ર રીતે કાર્ય કરવા અંતમાં મૂકશે અને સારી ગૂંથણી ધરાવતી પદ્ધતિમાં ટોચના અધિકૃત ગ્રંથાલય અને તેને સંલગ્ન ગ્રંથાલયો સાથે જરૂરી કડીઓ સાથે સંકલિત કરશે.

## 9.2 સાર્વજનિક ગ્રંથાલય પદ્ધતિના સંયોજનાત્મક માળખાનો ખ્યાલઃ (CONCEPT OF ORGANISATIONAL STRUCTURE OF PUBLIC LIBRARY SYSTEM) :

### 9.2.1 વ્યાખ્યાઓ : (Definitions) :

સંયોજનાત્મક માળખાનો ખ્યાલ સમજવા માટે આપણે કેટલાક પદો જે આ એકમમાં આવેલ છે તેની વ્યાખ્યાઓનો અભ્યાસ કરીશું.

માળખું એ કોઈપણ સંગઠિત મુખ્ય ભાગ ઉપર ભાગોની રચના અને ગોઠવણી છે. ગ્રંથાલયો પણ એવી રીતે ગોઠવવામાં આવે છે જે તેમના કાર્યનો ક્રમ અથવા પદ્ધતિનું પ્રતિબિંબ પાડે છે. સાર્વજનિક ગ્રંથાલય પદ્ધતિની બાબતમાં વાચકોના જુદા જુદા સમૂહો - પુરુષો અને સ્ત્રીઓ, બાળકો અને શિક્ષિત વૃદ્ધો, ભાષાકીય સમૂહો, વિદ્યાર્થીઓ અને વરિષ્ઠ નાગરિકો, અંધ અને મૂંગા માટે આવશ્યક પ્રવૃત્તિઓ વિકસાવવા માટે જુદા જુદા ભૌગોલિક વિસ્તાર જેવા કે શહેરો, કસ્બાઓ, જિલ્લા અને તાલુકા મથકો અને ગામડાઓમાં સાર્વજનિક ગ્રંથાલયો સ્થાપવામાં આવેલ હોય છે.

સંયોજન અર્થાત્ ગ્રંથાલયોમાં પ્રવર્તમાન કાર્ય પ્રક્રિયાનો ક્રમ જે સાર્વજનિક ગ્રંથાલય પદ્ધતિનો ભાગ હોય છે. સંયોજનનો અર્થ એ પણ થાય છે કે સાર્વજનિક ગ્રંથાલય પદ્ધતિની રચના કરતા તમામ ગ્રંથાલયોને કાર્ય પ્રક્રિયામાં મૂકવાનો ફાયદો આ રીતે સંગઠિત સાર્વજનિક ગ્રંથાલયોની સિદ્ધિઓને પ્રાપ્ત કરવા માટે વિવિધ ગ્રંથાલયોના જોડાણનો સમાવેશ કરે છે. ઉદાહરણ તરીકે જિલ્લા ગ્રંથાલયને તાલુકા ગ્રંથાલય સાથે સંબંધ હોવો જોઈએ અને તાલુકા ગ્રંથાલયનું જોડાણ તાલુકામાં ગ્રામ ગ્રંથાલયો સાથે હોવું જોઈએ. આ જોડાણ અથવા કડીને આ ગ્રંથાલયોમાં વર્તણુંક માટેના ચોક્કસ નિયમો / ધોરણોની જરૂરિયાત હશે.

પદ્ધતિ અનેક વસ્તુઓનો (અહીં આપણી બાબતમાં ગ્રંથાલયો) સમાવેશ કરે છે. જે વ્યવસ્થિત રીતથી સમગ્ર જોડાણમાં ગોઠવાયેલ હોય છે. તેનો બીજો અર્થ ક્રમિક વિચારોના સમૂહની સારી રીત અથવા યોજના. ઉદાહરણ તરીકે આપણા માનવશરીરમાં વિવિધ પદ્ધતિઓ જેવી કે પાચનતંત્ર, ચેતાતંત્ર, શ્વસનતંત્ર વગેરે. આ તંત્રો યોગ્ય રીતે અથવા પદ્ધતિસર જોડાઈ એક જોડાણ ધરાવે છે. આ પેટા પદ્ધતિઓ એકબીજા સાથે જોડાયેલ હોય છે. કોઈ પણ પેટા પદ્ધતિમાં બદલાવ અથવા ગેરવ્યવસ્થા બીજી પેટા પદ્ધતિઓમાં બદલાવ કે ગેરવ્યવસ્થાનું કારણ બને છે. પેટા પદ્ધતિઓમાં રહેલું આ આંતર જોડાણ સમગ્ર પદ્ધતિને યોગ્ય રીતે કાર્ય કરવા માટે ખૂબ જ અગત્યનું છે.

### 9.2.2 ઘટકો (Components) :

સાર્વજનિક ગ્રંથાલય પદ્ધતિ નીચે મુજબના ઘટકો ધરાવે છે.

(a) સાર્વજનિક ગ્રંથાલયો

(b) સાર્વજનિક ગ્રંથાલયોની વિવિધ કક્ષાઓ વચ્ચેની કડીઓ

(c) સાર્વજનિક ગ્રંથાલયોના નિભાવ માટે અનુદાન અંગેના શાસકીય નિયમો.

(d) ગ્રંથાલયોના નિયામકનું કાર્યાલય, ગ્રંથાલયોના નિયામક અને તેમના સહાયક કર્મચારીઓ જે રાજ્યમાં જાહેર ગ્રંથાલયોના વહીવટ ઉપર નિરીક્ષણ કરે છે.

(e) ગ્રંથાલય સત્તા મંડળો જેવાં કે રાજ્ય ગ્રંથાલય સત્તા મંડળ, જિલ્લા ગ્રંથાલય સત્તા મંડળ, તાલુકા / પંચાયત ગ્રંથાલય સત્તા મંડળ જે સાર્વજનિક ગ્રંથાલય પદ્ધતિની પ્રશાસન વ્યવસ્થાની સંભાળ રાખે છે.

(f) ગ્રંથાલય સંઘો જે સાર્વજનિક ગ્રંથાલયોની વિવિધ ગ્રંથાલય સત્તા મંડળો સામે રજૂઆત કરે છે અને રાજ્યમાં સાર્વજનિક ગ્રંથાલય ચળવળને પ્રોત્સાહિત કરે છે.

## 9.3 ભારતમાં સાર્વજનિક ગ્રંથાલયનું માળખું : (PUBLIC LIBRARY STRUCTURE IN INDIA) :

### પિરામિડ રચના ધરાવતું માળખું (Pyramidal structure)

ભારત સરકાર દ્વારા ઈ.સ. 1957માં નિમવામાં આવેલ ગ્રંથાલય સલાહકાર સમિતિએ 25 વર્ષ માટેની વિકાસ યોજનાની ભલામણ કરી હતી. કમિટિની ભલામણો આ પ્રમાણે હતી :

- રાષ્ટ્રીય ગ્રંથાલય
- રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય
- જિલ્લા મધ્યસ્થ ગ્રંથાલય
- તાલુકા ગ્રંથાલય અને પંચાયત ગ્રંથાલય જે ઉતરતા - જતા ક્રમમાં હોય

  તે સમયે આ માળખું ઘણા ઓછા રાજ્યો જેવા કે તામિલનાડુ અને આન્ધ્રપ્રદેશ જ્યાં ગ્રંથાલય ધારા અમલમાં હતા ત્યાં અસ્તિત્વમાં હતું. ત્યાર બાદ બીજા કેટલાક રાજ્યોએ ગ્રંથાલયધારો પસાર કર્યો જેવા કે 1965માં કર્ણાટક, 1967માં મહારાષ્ટ્ર અને 1979માં પશ્ચિમ બંગાળ આ ઉપરાંત અન્ય કેટલાક રાજ્યો.

છેલ્લા પચાસ (50) વર્ષ દરમ્યાન,

1. કલકત્તામાં રાષ્ટ્રીય ગ્રંથાલયની સ્થાપના કરવામાં આવી.
2. ઘણાં રાજ્યોએ રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલયોની સ્થાપના કરી.
3. કેટલાક રાજ્યોમાં પ્રાદેશિક ગ્રંથાલયો અથવા વિભાગીય ગ્રંથાલયો છે.
4. ભારતમાં 50 ટકા કરતાં વધુ જિલ્લાઓને જિલ્લા મધ્યસ્થ ગ્રંથાલયો છે. કેટલાક રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલયો અને પ્રાદેશિક ગ્રંથાલયો જ્યાં તે આવેલ છે તે જિલ્લાના જિલ્લા મધ્યસ્થ ગ્રંથાલય તરીકે પણ કાર્ય કરે છે.
5. દેશમાં જિલ્લા સ્તરથી નીચેના ગ્રંથાલયોનું સંગઠનીય માળખામાં એકસૂત્રતા નથી. કેટલાક રાજ્યોમાં જિલ્લા મધ્યસ્થ ગ્રંથાલયોને કસ્બાઓમાં અને ગામોમાં શાખાઓ છે. સામાન્ય રીતે એમ કહી શકાય કે દક્ષિણમાં આને શાખા ગ્રંથાલયો, પશ્ચિમમાં તાલુકા ગ્રંથાલયો, ઉત્તરમાં તહેશીલ અને પૂર્વમાં ઉપ વિભાગીય ગ્રંથાલયો કહેવામાં આવે છે.
6. વધુ નીચે વિભાગ, મ્યુનિસિપલ, કસ્બા અને ગ્રામ ગ્રંથાલયો છે. આ પૈકી મોટા ભાગના ખાનગી ગ્રંથાલયો છે જે નોંધાયેલ કે બિનનોંધાયેલ સ્વૈચ્છિક સંગઠનો દ્વારા ચાલે છે.
7. ગ્રંથાલયસેવા નહેરૂ યુવક કેન્દ્ર (ભારત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા સ્થાપવામાં આવેલ છે.) દ્વારા પણ પૂરી પાડવામાં આવે છે.
8. જવાહર બાલ ભવન (બાલ ભવન સોસાયટી, ભારત દ્વારા પુરસ્કૃત) અને અરવિંદો બાળ કેન્દ્રો (કેન્દ્ર સરકારના સામાજિક કલ્યાણ ખાતા દ્વારા મોટા શહેરોમાં ગંદા વસવાટવાળા વિસ્તારના બાળકોના શિક્ષણ માટે પ્રસ્થાપિત) દ્વારા બાળ ગ્રંથાલયસેવા પૂરી પાડવામાં આવે છે.
9. રાજા રામમોહન રાય લાયબ્રેરી ફાઉન્ડેશન (ભારત સરકાર દ્વારા સાર્વજનિક ગ્રંથાલયોના વિકાસ માટે સ્થપાયેલ છે.) પણ વિવિધ કક્ષાના 20, 000 ગ્રંથાલયો આવરી લે છે અને તેમને નાણાકીય અને અન્ય સહાય પૂરી પાડે છે. આ સહાય છેલ્લા 25 વર્ષથી આપવામાં આવે છે.

## 9.4 આદર્શ સાર્વજનિક ગ્રંથાલય ખરડા દ્વારા સૂચિત સંયોજનાત્મક માળખું : (Organisationl Structure Recommended by Model Public Library Bill)

ભારત સરકારના આયોજન પંચે 'ગ્રંથાલયો માટે કાર્યજૂથ'ની રચના કરી હતી. આ સમિતિએ તેનો અહેવાલ 1965માં આપ્યો હતો. જેમાં પરિશિષ્ટ તરીકે આદર્શ સાર્વજનિક ગ્રંથાલય ખરડો સામેલ હતો. કેટલીક નોંધપાત્ર બાબતો નીચે આપવામાં આવેલ છે.

**સાર્વજનિક ગ્રંથાલય પદ્ધતિ (Public Library System) :**

**પિરામિડ આકાર :** રાજ્ય ગ્રંથાલય પદ્ધતિની માળખાગત ગોઠવણી નીચે પ્રમાણે છે.

1. રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય
2. પ્રાદેશિક ગ્રંથાલય
3. શહેર ગ્રંથાલય

4. જિલ્લા ગ્રંથાલય
5. વિભાગીય ગ્રંથાલય
6. બ્લોક- તાલુકા ગ્રંથાલય
7. ગ્રામ ગ્રંથાલય
8. ગ્રંથસંગ્રહ કેન્દ્ર
9. ફરતા ગ્રંથાલય

**9.4.1 રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય (State Central Library) :**

રાજ્યના શિરોમણિ ગ્રંથાલય તરીકે રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય હશે કે જે રાજધાનીમાં આવેલ હશે. પુસ્તકો અને અન્ય વાચનસામગ્રીનો સંગ્રહ હશે તથા સાર્વજનિક ગ્રંથાલય પદ્ધતિની યોગ્ય કાર્યરીતિ માટે તે કાર્ય કરશે.

- **રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલયના કાર્યો (Functions of the State Central Library) :**

1. સંદર્ભ અને સંશોધન ગ્રંથાલય તરીકે કાર્ય કરવું;
2. ગ્રંથાલયોના ક્ષેત્રની તમામ પ્રવૃત્તિઓમાં નેતૃત્વ પૂરું પાડવું;
3. સર્વે અને સંશોધન એકમનું સંગઠન કરવું અને ગ્રંથાલયના કાર્યના જુદા જુદા પાસાઓ ઉપર સર્વે અને સંશોધન કરવા;
4. તમામને અને ખાસ કરીને ધારાસભા અને રાજ્ય સરકારના વિવિધ વિભાગોને પ્રલેખન અને માહિતીસેવાઓ પૂરી પાડવી;
5. અર્થપૂર્ણ રીતે અને મોટા પાયે પ્રદર્શન અને અન્ય વિસ્તરણ પ્રવૃત્તિઓની ગોઠવણી કરવી;
6. રાજ્યમાંથી કોઈ પણ ગ્રંથાલયે વિષયવસ્તુ તથા રજૂઆત બિનઉપયોગી થવાથી રદ કરેલ પુસ્તકો પૈકી દરેક પુસ્તકની ઓછામાં ઓછી એક સારી નકલમાંથી ગ્રંથસંગ્રહ કેન્દ્ર (Dormitory Library) બનાવી નિભાવવું તથા તેનું સંચાલન કરવું તથા કોઈ પણ સમયે કોઈ પણ વ્યક્તિ જે પ્રાચીન ગ્રંથો સંદર્ભમાં અથવા વાઙ્મયસૂચિ ક્ષેત્રે સંશોધન કરે તો તેની માંગને પહોંચી વળવું ; અને
7. ગ્રંથાલયના કાર્યો અંગેનો વાર્ષિક અહેવાલ તૈયાર કરવો.

- **રાજ્ય ગ્રંથપાલ** : રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલયના સંગઠન અને સંચાલન માટે રાજ્ય સરકાર ગ્રંથાલય વિજ્ઞાનની નિર્ધારિત કરેલ લાયકાત ધરાવનાર વ્યક્તિની પૂર્ણ સમયના અધિકારી તરીકે નિમણૂંક કરશે.

પાંખો-રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલયને નીચેની પાંખો / વિભાગો/ ડિપાર્ટમેન્ટ હોવા જોઈએ.

1. વહીવટી પાંખ
2. કાયદાકીય સંગ્રહ પાંખ
3. અંધજનો માટેનું રાજ્ય ગ્રંથાલય
4. રાજ્ય આંતર ગ્રંથાલય લોન
5. રાજ્ય તકનીકી સેવા કેન્દ્ર
6. રાજ્ય ગ્રંથાલય શિક્ષણ સંસ્થા
7. સેવાઓ,સંદર્ભ અને સંશોધન પાંખ
8. પ્રૌઢ શિક્ષણ પાંખ

**9.4.2 વિભાગીય / પ્રાદેશિક ગ્રંથાલયો (Divisional / Regional Libraries) :**

રાજ્યમાં જુદા જુદા વિસ્તારોને આવરી લેતા પ્રાદેશિક ગ્રંથાલયો હોવાં જોઈએ રાજ્ય સરકાર તેમને સંપૂર્ણ નાણાં પૂરા પાડશે.

- **પ્રાદેશિક ગ્રંથપાલ (Regional Librarian) :**

1. પ્રાદેશિક ગ્રંથપાલ તરીકે રાજ્ય સરકારે નિર્ધારિત કરેલ વ્યવસાયિક લાયકાત ધરાવનાર વ્યક્તિને પૂર્ણ સમયના અધિકારી તરીકે નિમણૂંક કરશે.

- **પ્રાદેશિક સાર્વજનિક ગ્રંથાલયના કાર્યો :**

પ્રાદેશિક સાર્વજનિક ગ્રંથાલયના કાર્યો નીચે પ્રમાણે હોવાં જોઈએ તે આ પ્રમાણે હોઈ શકે.

1. પ્રદેશ સ્તરે સંદર્ભ અને સંશોધન ગ્રંથાલય તરીકે કાર્ય કરવું.
2. આંતર ગ્રંથાલય લોન સહિત આંતર ગ્રંથાલય સહકારનું સંયોજન કરવું.
3. પ્રૌઢ શિક્ષણની પ્રવૃત્તિઓમાં ભાગ લેવો.
4. ગ્રંથાલય સત્તા મંડળ અને તેની શાખાઓ ગ્રંથ પરિભ્રમણ કેન્દ્ર (Book Deposit Center) અને ફરતા ગ્રંથાલય સેવાઓ માટે ધોરણો નક્કી કરવા.
5. પ્રદેશ માટે વાङ્મયસૂચિ સંપાદિત કરવી તેમજ તે પ્રદેશની સંઘસૂચિ તૈયાર કરવી.
6. પ્રદેશના ગ્રંથાલય સત્તા મંડળોનું નિરીક્ષણ તેમજ તપાસ કરવી તથા તેને તકનીકી સલાહ અને સહાય પૂરી પાડવી.
7. એક બાજુ રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય અને બીજી બાજુ પ્રદેશના ગ્રંથાલય સત્તા મંડળો વચ્ચે આવશ્યક કડી તરીકે સેવા પૂરી પાડવી.
8. પ્રદેશમાં ગ્રંથાલય સેવાના વિકાસનું આયોજન કરવું અને તેને તબક્કાની રીતે અમલમાં મૂકવું.
9. પ્રદેશના હવાલા (Referral Centre) કેન્દ્ર તરીકે વર્તવું.
10. પ્રદેશની હસ્તપ્રતો એકત્રિત કરવી અને તેને નિયામકશ્રી દ્વારા રાજ્ય પૌર્વાત્ય હસ્તપ્રત ગ્રંથાલયમાં તબદિલ કરાવવી.
11 ગ્રંથાલય કાર્યનો વાર્ષિક અહેવાલ તૈયાર કરાવવો અને તેને સોંપવો.

### 9.4.3 જિલ્લા ગ્રંથાલય અને તેની શાખાઓ (District Libraries and its Branches) :

- **શહેર જિલ્લા એકમો :** દરેક શહેરમાં શહેર સાર્વજનિક ગ્રંથાલય અને દરેક જિલ્લામાં જિલ્લા મથકે જિલ્લા સાર્વજનિક ગ્રંથાલયો હશે જે સાર્વજનિક ગ્રંથાલય પદ્ધતિ માટે પુસ્તકો અને અન્ય વાચનસામગ્રીનો સંગ્રહ ધરાવતું હોય અને જે લાગુ પડતા શહેર કે જિલ્લા ગ્રંથાલય સત્તા મંડળના નિયંત્રણ નીચે કાર્ય કરતું હોય. નિયમોને આધિન રહીને તે જ્યાં શક્ય હશે ત્યાં શાખા ગ્રંથાલયો શરૂ કરશે. આ ગ્રંથાલયોનું સંચાલન શહેર કે જિલ્લા ગ્રંથાલયની લાયકાતો ધરાવતા પૂર્ણ સમયના ગ્રંથપાલો દ્વારા કરવામાં આવશે.

- **કાર્યો :**

**જિલ્લા સાર્વજનિક ગ્રંથાલયના કાર્યો આ પ્રમાણે રહેશે :**

1. જિલ્લા સંદર્ભ અને વાङ્મયસૂચિ સેવા પૂરી પાડવી.
2. તે જે સ્થળે આવેલ હોય તે સ્થળના શહેર મ્યુનિસિપાલિટીના સભ્યો અથવા કસ્બા કે શહેર કોર્પોરેશનના સભ્યોને વિશિષ્ટ સંદર્ભસેવાઓ પૂરી પાડશે
3. વિદ્યાર્થી જૂથો અભ્યાસ વર્તુળો અને અન્ય શૈક્ષણિક જૂથોને વિશિષ્ટ સેવા આપવી.
4. શહેરી કે ગ્રામ વિસ્તારોમાં શાખા ગ્રંથાલય, ફરતા ગ્રંથાલય અને સંગ્રહ કેન્દ્ર દ્વારા ગ્રંથાલયસેવા વિસ્તારવી અને આ પ્રકારની સેવા તાલુકા ગ્રંથાલયો અને અન્ય ગ્રંથાલય એકમો દ્વારા સમગ્ર જિલ્લામાં વિસ્તારવી
5. યોગ્ય પુસ્તકો પૂરા પાડી વિભાગીય ગ્રંથાલયોનો પુરવઠો પૂરો પાડવો.
6. સાર્વજનિક ગ્રંથાલયોના નિયામકશ્રીની કાર્યાલયની સૂચનાઓ અનુસાર લવાજમ ગ્રંથાલયો સાથે સહકાર કેળવવો અને તેમને સહાય પૂરી પાડવી.

7. ગ્રંથાલયોથી અજ્ઞાત નાગરિકોમાં ગ્રંથાલય ભાવનાનો વિકાસ કરવા માટે અન્ય સંસ્થાઓ અને જૂથો ખાસ કરીને સામાજિક શિક્ષણની સંસ્થાઓ અને કાર્યકરો સાથે સહકાર કેળવવો.
8. જિલ્લામાં ગ્રંથાલયો અને ગ્રંથપાલ કાર્યકરોના પરિસંવાદ, મેળાવડા અને સેમિનારનું આયોજન કરવું અને
9. જિલ્લા ગ્રંથાલય પદ્ધતિના કાર્યકરો માટે રિફ્રેશર કોર્સ પૂરા પાડવા.

◆ **શહેર / જિલ્લા સાર્વજનિક ગ્રંથાલયના વિભાગો :**

1. આપ-લે વિભાગ
2. સંદર્ભ વિભાગ અને શહેર / જિલ્લા માહિતી એકમ
3. સમાચારપત્રો અને સામયિક વિભાગ
4. પાઠ્યપુસ્તક વિભાગ
5. બાળકો અને સ્ત્રીઓ માટેનો વિભાગ
6. ગ્રંથ પ્રસાધન (Processing) વિભાગ
7. વહીવટી વિભાગ
8. પ્રૌઢ શિક્ષણ વિભાગ
9. સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અને વિસ્તરણ વિભાગ

ઉપરોક્ત હેતુઓ આ માટે રચાયેલ શહેર / જિલ્લા ગ્રંથાલય સત્તા મંડળો દ્વારા પ્રાપ્ત કરશે.

◆ **શહેર / જિલ્લા ગ્રંથાલય સત્તા મંડળ (City/District Library Authorities) :**

◆ **ગ્રંથાલય સત્તા મંડળનું બંધારણ (Constitution of Library Authorities) :**

1 રાજ્યમાં સાર્વજનિક ગ્રંથાલયોના સંગઠન અને વહીવટ માટે દરેક શહેરમાં એક અને દરેક જિલ્લામાં એક ગ્રંથાલય સત્તા મંડળની રચના કરવામાં આવશે.

◆ **ગ્રંથાલય સત્તા મંડળની સત્તાઓ અને કાર્યો** (ફક્ત અગત્યતા દર્શાવેલ છે)

1. દરેક સત્તા મંડળની ફરજ રહેશે કે તેના કાર્યક્ષેત્રમાં રહેતા નાગરિકોને માહિતી પ્રાપ્તિ સહિત ગ્રંથાલયસેવા પૂરી પાડવી.
2. શહેર / જિલ્લા ગ્રંથાલય સત્તા મંડળની નાણાકીય સ્થિતિ અનુસાર તે શહેર સાર્વજનિક ગ્રંથાલય અને માહિતી પ્રાપ્તિ સહિત અન્ય સાર્વજનિક ગ્રંથાલયોની સ્થાપના કરશે અને દરેક જિલ્લામાં શહેર સાર્વજનિક ગ્રંથાલય અને 5000થી 25,000ની વસ્તી જૂથ માટે ઓછામાં ઓછું એક તથા મહેસુલી વિસ્તારમાં એક ફરતા પુસ્તકાલયની સ્થાપના કરશે.
3. તે પુસ્તકો, સામયિકો, સમાચારપત્રો, નકશા, કળા અને વિજ્ઞાનના નમૂના, ફિલ્મ, વીડિયો રેકોર્ડર, કમ્પ્યૂટર, ગ્રામોફોન રેકોર્ડ અને અન્ય તેના જેવા બીજા ગ્રંથાલયોને પૂરા પાડશે.

◆ સાર્વજનિક ગ્રંથાલય પદ્ધતિના અસરકારક સંયોજન માટે આદર્શ ધારા નીચેના ઉપાયો સૂચવ્યા છે.

1. સાર્વજનિક ગ્રંથાલયો માટે અલગ વિભાગ
2. સાર્વજનિક ગ્રંથાલયો માટે પૂર્ણ સમયના લાયકાત ધરાવનાર નિયામક
3. રાજ્ય ગ્રંથાલય સત્તા મંડળ (શહેર / જિલ્લા)
4. સ્થાનિક ગ્રંથાલય સત્તા મંડળ
5. રાજ્ય સરકારમાંથી સહયોગી અનુદાન સાથે ગ્રંથાલય વિશેષ ઉપકર.

નોંધ : આ બાબતોની ચર્ચા બીજા એકમ સાર્વજનિક ગ્રંથાલયોનું પ્રશાસનમાં કરવામાં આવેલ છે.

◆ **તમારી પ્રગતિ ચકાસો :**

1. "સંયોજનાત્મક માળખું" પદનો અર્થ શું સમજો છો ?
2. સાર્વજનિક ગ્રંથાલય પદ્ધતિના ઘટકોની ચર્ચા કરો.
3. આદર્શ સાર્વજનિક ગ્રંથાલય ધારામાં કયા સૂચનો કરવામાં આવ્યા છે.

નોંધ (1) નીચે આપેલી જગ્યામાં તમારા ઉત્તરો લખો

(2) આ એકમને અંતે આપેલા ઉત્તરો સાથે તમારા ઉત્તરો ચકાસો

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

## 9.5 ભારતના રાજ્યોમાં સાર્વજનિક ગ્રંથાલય પદ્ધતિનું સંયોજનાત્મક માળખું (વૈયક્તિક અભ્યાસો) (Organisational Structure of Public Library in Indian States / Case Studies) :

ભારતમાં સાર્વજનિક ગ્રંથાલયોની સાંપ્રત પરિસ્થિતિને સમજવા માટે આપણે નીચેના રાજ્યોના સાર્વજનિક ગ્રંથાલયોના સંયોજનાત્મક માળખાનો નમૂના તરીકે અભ્યાસ કરીશું.

1. મહારાષ્ટ્ર
2. આન્ધ્ર પ્રદેશ
3. તામિલનાડુ
4. કર્ણાટક

### 9.5.1 મહારાષ્ટ્ર (Maharastra) :

મહારાષ્ટ્ર રાજ્ય માટે 'મહારાષ્ટ્ર સાર્વજનિક ગ્રંથાલયધારો- 1967' નામનો કાયદો અમલમાં આવ્યો છે. આ કાયદાનું વિશિષ્ટ લક્ષણ એ છે કે આ કાયદામાં ગ્રંથાલય ઉપકર સૂચવવામાં આવ્યો નથી. મહારાષ્ટ્ર સરકાર પોતાના ફંડમાંથી સાર્વજનિક ગ્રંથાલયોની સ્થાપના, નિભાવ અને વિકાસ માટે નાણાં વાપરે છે.

◆ **ગ્રંથાલયોના પ્રકાર :**

મહારાષ્ટ્ર રાજ્યમાં ત્રણ પ્રકારના સાર્વજનિક ગ્રંથાલયો છે.

**(અ) રાજ્યના પોતાના અને તેના દ્વારા નિભાવવામાં આવતા, દા.ત.**

1. રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય મુંબઈ જે અગાઉ એશિયાટિક સોસાયટી ઑફ મુંબઈને સોંપવામાં આવેલ.
2. પુના, નાસિક, ઔરંગાબાદ, નાગપુર, રત્નાગીરી અને વાશી સ્થિત પ્રાદેશિક / વિભાગીય ગ્રંથાલયો
3. વિદર્ભમાં આવેલ જિલ્લા ગ્રંથાલયો

**(બ) રાજ્ય ગ્રંથાલય નિયામક કચેરી દ્વારા માન્યતા ધરાવતા અનુદાનિત ગ્રંથાલયો**

આ લવાજમી ગ્રંથાલયો જે ગ્રંથાલય સભાસદ ફી ભરે તેમના માટે ખુલ્લા છે. આમ છતાં દરેક નાગરિકોને કોઈપણ પ્રકારની ફી લીધા સિવાય આ ગ્રંથાલયોમાં દાખલ થવા અને ગ્રંથાલયમાં બેસીને વાંચવા માટે અનુમતી આપવામાં આવેલ છે. જો સામાન્ય લોકો સભ્ય ન બને / ગ્રંથાલયના ગ્રાહક ન બને તો તેમને કોઈ પુસ્તક ઘેર આપવામાં આવતું નથી.

(ક) **અન્ય સાર્વજનિક ગ્રંથાલયો**

આ પ્રકારના ગ્રંથાલયો કોઈ પણ પ્રકારનું અનુદાન મેળવતા નથી. પરંતુ તેમના પોતાના ફંડમાંથી નિભાવ અને સંચાલન કરવામાં આવે છે. આ ગ્રંથાલયોને રાજ્ય ગ્રંથાલય નિયામક કચેરી સાથે કોઈ પણ પ્રકારનું જોડાણ નથી.

- **ગ્રંથાલયોની કક્ષાઓ (Categories of Libraries) :**

ધી મહારાષ્ટ્ર પબ્લિક લાયબ્રેરી એક્ટ- 1967 (મહારાષ્ટ્ર સાર્વજનિક ગ્રંથાલય ધારો- 1967) એ સાર્વજનિક ગ્રંથાલયોની માન્યતા આપવા અને આ પ્રકારની માન્યતા ધરાવતા ગ્રંથાલયોને આપવામાં આવતા અનુદાન માટેના નિયમો નક્કી કર્યા છે. આ નિયમો પ્રમાણે સાર્વજનિક ગ્રંથાલયો A, B, C અને D કક્ષાઓમાં વર્ગીકૃત કરવામાં આવ્યા છે. દરેક કક્ષાના ગ્રંથાલયો માટેની શરતો અને ગ્રંથાલયોને આપવામાં આવતા અનુદાનની રકમ અહીં નીચે આપવામાં આવી છે.

- **A કક્ષાનું ગ્રંથાલય :**

જે ગ્રંથાલય 15000 ગ્રંથો ધરાવતું હોય, 50 સામયિકો અને 15 સમાચારપત્રોનું લવાજમ ભરતું હોય અને દરરોજ છ કલાક ખુલ્લું રહેતું હોય તેને A કક્ષાના ગ્રંથાલય તરીકે માન્ય ગણવામાં આવે છે. તે ઉપરાંત તેને બાળકો અને મહિલાઓ તથા સંદર્ભ ગ્રંથો માટે અલગ વિભાગો હોય અને ઓછામાં ઓછા 10 સાંસ્કૃતિક કાર્યક્રમ (વ્યાખ્યાનો વગેરે)નું આયોજન કરતું હોય, પૂર્ણ સમયના ગ્રંથપાલ દ્વારા સંચાલન કરવામાં આવતુંહોય તથા શક્ય હોય તો તેને અદ્યતન ફર્નિચર સાથે પોતાનું મકાન હોય.

જિલ્લા મથકે આ પ્રકારના ગ્રંથાલયને જિલ્લા ગ્રંથાલય તરીકે માન્યતા આપવામાં આવેલ છે.

- **B કક્ષાનું ગ્રંથાલય :**

જે ગ્રંથાલય 5000 ગ્રંથો ધરાવતુંહોય, 15 સામયિકો અને 5 સમાચારપત્રોનું લવાજમ ભરતું હોય, ઓછામાં ઓછા 100 સભ્યો હોય, દૈનિક છ કલાક ખુલ્લું રહેતું હોય. બાળકો અને મહિલાઓ માટે અલગ વિભાગ હોય, પૂર્ણ સમયના ગ્રંથપાલ સાથે ચાર સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરતું હોય તેવા ગ્રંથાલયને B કક્ષાના ગ્રંથાલય તરીકે માન્યતા આપવામાં આવે છે. તેને સુયોગ્ય મકાન અને પૂરતી જગ્યા અને ફર્નિચર હોવા જોઈએ.

- **C કક્ષાનું ગ્રંથાલય :**

એવું ગ્રંથાલય જેમાં ઓછામાં ઓછા 1000 પુસ્તકો હોય, પાંચ સામયિક અને ત્રણ સમાચારપત્રોનું લવાજમ ભરતું હોય, 50 સભ્યો હોય, દૈનિક ઓછામાં ઓછા ત્રણ કલાક ખુલ્લું રહેતું, હોય તેને C કક્ષાના ગ્રંથાલય તરીકે માન્યતા આપવામાં આવે છે. આ ઉપરાંત તેમાં બાળકો માટેના પુસ્તકો (કુલ સંગ્રહના 20 ટકા) હોવા જોઈએ. ખંડ સમય કે પૂર્ણ સમયના ગ્રંથપાલ અને કાર્ય કરવા માટે પૂરતી જગ્યા અને ફર્નિચર હોવા જોઈએ.

- **D કક્ષાનું ગ્રંથાલય :**

જે ગ્રંથાલયમાં ઓછામાં ઓછા 100 પુસ્તકો હોય, પાંચ સામયિકો અને 3 સમાચાર પત્રોનું લવાજમ ભરતું હોય 25 સભ્યો હોય અને દૈનિક 3 કલાક ખુલ્લું રહેતું હોય તેને D કક્ષાના ગ્રંથાલય તરીકે માન્યતા આપવી. તેમાં બાળકો માટેના પુસ્તકો (કુલ સંગ્રહાલયના 20 ટકા પુસ્તકો) અને તેનું સંચાલન ખંડ સમયના ગ્રંથપાલ દ્વારા થવું જોઈએ.

આ કક્ષાઓના ગ્રંથાલયો ઉપરાંત ફરતા ગ્રંથાલયો અને ગ્રામ ગ્રંથાલયો હશે. જે સ્થળે કાયમી ગ્રંથાલય ન હોય તેવા સ્થળોની બાબતમાં તે સ્થળના વિસ્તાર અને તે કસ્બાની વસ્તીને આધિન ફરતા ગ્રંથાલયની સેવા પૂરી પાડવામાં આવશે. અહીં પુસ્તકોનો સંપુટ બદલવામાં આવતો રહેશે. ફરતું ગ્રંથાલય એ સ્વતંત્ર ગ્રંથાલય હશે અથવા કક્ષા A અથવા Bના ભાગ તરીકે હશે. ગ્રામ ગ્રંથાલયમાં 75 પુસ્તકો ધરાવતું હશે. 2 સમાચારપત્રો, 2 સામયિકો અથવા મેગેઝીન અને 10 સભ્યો તથા કાર્યના દિવસો દરમ્યાન ઓછામાં ઓછા 2 કલાક ખુલ્લું રહેશે.

- અનુદાનિત ગ્રંથાલયોમાં વાચનની સુવિધા તમામ વાચકો ગ્રંથાલયનું સભ્યપદ ધરાવતા હોય કે સભ્ય ન હોય તે તમામ સુધી વિસ્તારવી. તમામ કક્ષાના ગ્રંથાલયો માટે આ શરત અગત્યની છે.

  તે જ રીતે કક્ષા A, B અને Cના ગ્રંથાલયોએ મહારાષ્ટ્રમાં જાહેર ગ્રંથાલય પદ્ધતિમાં માન્યતા ધરાવતા હોય તેને પુસ્તકો આંતર ગ્રંથાલય લોન ઉપર આપવા

- **વ્યક્તિગત ગ્રંથાલયનું માળખું :**

  અનુદાનિત ગ્રંથાલય તરીકે માન્યતા પ્રાપ્ત કરેલ ગ્રંથાલયે તેનું બંધારણ અને નિયમો નક્કી કરવા પડશે. આ બંધારણે ગ્રંથાલયનું સંચાલન કેવી રીતે કરવામાં આવશે તે દર્શાવવું આવશ્યક રહેશે. દરેક ગ્રંથાલયને નીતિ વિષયક બાબતો નક્કી કરવા સામાન્ય સભા તથા દૈનિક ઉપસ્થિત થતી બાબતોના સંચાલન માટે કારોબારી સમિતિ હોવી જોઈશે. હોદ્દો ધારણ કરનાર જેવા કે મંત્રી, ખજાનચી, ગ્રંથાલયની નાણાકીય અને વહીવટી બાબતોની સંભાળ રાખશે. સભ્યપદ માટેના નિયમો બંધારણમાં સમાવેશ કરવામાં આવશે. ગ્રંથાલયના નિયમો પુસ્તકો આપવા અને પરત કરવા માટે નક્કી કરવામાં આવશે. ગ્રંથાલય નિયામક કાર્યાલયે આદર્શ બંધારણ તૈયાર કરેલ છે.

### 9.5.2 આન્ધ્રપ્રદેશ (Andhra Pradesh) :

આન્ધ્રપ્રદેશમાં સાર્વજનિક ગ્રંથાલયોનું પિરામિડ પ્રકારનું માળખું છે. તે મહદ અંશે ભારત સરકાર દ્વારા નિમાયેલ ગ્રંથાલય સલાહકાર સમિતિ (Library Advisory Committee) દ્વારા સૂચિત માળખાને મળતું આવે છે.

શિરોમણિ ગ્રંથાલય તરીકે હૈદરાબાદ મુકામે રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય છે. બીજા સ્તરે પ્રાદેશિક ગ્રંથાલયો સાથે જિલ્લા મધ્યસ્થ ગ્રંથાલયો અને ગ્રામ ગ્રંથાલયો આવેલ છે જ્યારે સૌથી નીચેના તળિયાના સ્તરે ગ્રંથ પરિભ્રમણ કેન્દ્રો અને અનુદાનિત ગ્રંથાલયો આવેલા છે.

- **રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય (State Central Library) :**

  રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય હૈદ્રાબાદ એ ભારતના સૌથી જૂના ગ્રંથાલયો પૈકીનું એક છે. જેની સ્થાપના ફેબ્રુઆરી 1891માં થયેલ અને તે "કુતુબખાન અસાફીયા" તરીકે જાણીતું હતું. આન્ધ્ર પ્રદેશની રાજ્ય તરીકે માન્યતા પ્રાપ્ત થતા તેને રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય તરીકે જાહેર કરવામાં આવ્યું હતું. તે 1936માં બંધાયેલ ભવ્ય ઇમારતમાં આવેલ છે જેનું 1961માં વિસ્તરણ કરવામાં આવેલ.

- **પ્રાદેશિક ગ્રંથાલયો (Regional Library) :**

  સરકાર છ પ્રાદેશિક ગ્રંથાલયો નિભાવે છે કે જે હાલ સંદર્ભ અને આપ-લે ગ્રંથાલયો તરીકે કાર્ય કરે છ. તે મૂળભૂત રીતે રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય અને તેમના વિસ્તારમાં આવેલ જિલ્લા મધ્યસ્થ ગ્રંથાલયો વચ્ચે જોડાણ પૂરું પાડવાનું છે.

  પ્રાદેશિક ગ્રંથાલયો પાસે સમૃદ્ધ વાચનસામગ્રીનો સંગ્રહ છે જેનો ઉપયોગ સંશોધકો દ્વારા થાય છે. રાજ્ય પ્રાદેશિક ગ્રંથાલય ગંતૂર જે શૈક્ષણિક સંસ્થાઓની વચ્ચે આવેલ છે અને વિદ્યાર્થી છાત્રાલયો માટે 12 કલાક ખુલ્લું રાખવામાં આવે છે. ગ્રંથાલયનો પાઠ્યપુસ્તક વિભાગ વિદ્યાર્થીઓને વિશિષ્ટ સેવા આપવા માટે સવારે 8થી મધ્ય રાત્રિના 12 વાગ્યા સુધી 16 કલાક ખુલ્લો રહે છે.

- **જિલ્લા મધ્યસ્થ ગ્રંથાલયો (District Central Library) :**

  જિલ્લા મધ્યસ્થ ગ્રંથાલયો જિલ્લાના તમામ ગ્રંથાલય પ્રવૃત્તિઓનું કેન્દ્ર છે. તે જિલ્લાના મુખ્ય મથકના શહેરનું મુખ્ય ગ્રંથાલય છે. તેના કાર્યોમાં ગ્રંથ પ્રાપ્તિ તથા ટેકનિકલ કાર્યો કર્યા બાદ પુસ્તકોને શાખા ગ્રંથાલયો અને ગ્રામ ગ્રંથાલયોમાં વિતરણ કરવા, સાર્વજનિક ગ્રંથાલયોની વાર્ષિક તપાસ તથા તેમનું નિરીક્ષણ, સામાજિક અને શૈક્ષણિક પ્રવૃત્તિઓ, સેમિનાર, પરિસંવાદ વગેરે આયોજન કરવું વગેરેનો સમાવેશ થાય છે.

  ઘણા ગ્રંથાલયો સાથે બાળ વિભાગ જોડાયેલો હોય છે. પાઠ્યપુસ્તક અને મહિલા વિભાગ

પણ થોડાક ગ્રંથાલયોને આપવામાં આવેલ છે. આસપાસના વિસ્તારમાં સેવાઓનું વિસ્તરણ રીક્ષા, બાઈસિકલ, ગ્રંથ પરિભ્રમણ કેન્દ્રો (Book Deposit Centers)ના ઉપયોગ દ્વારા કરવામાં આવે છે. સ્થાનિક માધ્યમિક શાળાઓ, જિલ્લા જેલ અને જિલ્લા દવાખાનાઓમાં પણ સેવા બિંદુઓ (કેન્દ્રો) આવેલા છે. જિલ્લા મધ્યસ્થ ગ્રંથાલયનું સંચાલન મુખ્યત્વે મુખ્ય ગ્રંથપાલ ઉપરાંત મદદનીશ ગ્રંથપાલ (Deputy Librarian) (વર્ગ-1), સહાયક ગ્રંથપાલ (Assistant Librarian) (વર્ગ-2 અથવા 3) અને બે અથવા 3 નોંધણી કરનાર સહાયકોના માળખા દ્વારા થાય છે.

હૈદરાબાદના શહેર મધ્યસ્થ ગ્રંથાલયને જિલ્લા મધ્યસ્થ ગ્રંથાલય તરીકે માન્યતા આપવામાં આવેલ છે.

- **શાખા ગ્રંથાલયો (Branch Libraries) :**

શાખા ગ્રંથાલયો જિલ્લા મધ્યસ્થ ગ્રંથપાલના સીધા નિયંત્રણ અને નિરીક્ષણ નીચે સ્વતંત્ર વહીવટી એકમ તરીકે કાર્ય કરે છે, તે તેમના વિસ્તારમાં આવેલ ગ્રામ ગ્રંથાલયો, ગ્રંથ પરિભ્રમણ, ફરતા ગ્રંથાલયોના કાર્યોનું નિરીક્ષણ કરે છે. અનુદાન પ્રાપ્ત કરતા ગ્રંથાલયોના નિરીક્ષણનું કાર્ય પણ શાખા ગ્રંથાલયો જે દૈનિક 6 કલાક કાર્ય કરે છે તેમને સોંપવામાં આવેલ છે.

શાખા ગ્રંથાલયોએ તેમની સેવાઓ પુસ્તક પરિભ્રમણ કેન્દ્રો દ્વારા આસપાસના ગામડાઓમાં વિસ્તારી છે. ગ્રામ ગ્રંથાલયો, રીક્ષા અથવા સાયકલ ગ્રંથાલયો તેમની સાથે જોડાયેલા છે. તેઓ પંચાયતોના યુવા મંડળો અને મહિલા મંડળોના સહકારથી વાચકોને પુસ્તકો વાંચવા આપે છે. જ્યાં સુવિધા ઉપલબ્ધ હોય ત્યાં બાળવિભાગ અને પાઠ્યપુસ્તક વિભાગ ખોલવામાં આવે છે. 140 જેટલા શાખા ગ્રંથાલયોમાં રેડિયો તથા 3 શાખા ગ્રંથાલયોમાં ટી.વી. વાચકોના લાભાર્થે આપવામાં આવ્યા છે. વિજયવાડામાં ટાગોરના સંદર્ભ અને સંશોધન કેન્દ્રને સંદર્ભ સાહિત્ય અને દૃશ્ય શ્રાવ્ય સાધનો (ટી.વી., વી.સી.આર. ટેપરેકોર્ડર વગેરે) સાથે સુસજ્જ કરવામાં આવેલ છે.

- **ગ્રામ ગ્રંથાલયો (Village Libraries) :**

1974-75ના વર્ષથી ગ્રામ ગ્રંથાલયો જો ખંડ સમય માટે કાર્ય કરનારા માણસ મળે તો તે દિવસ દરમિયાન 4 કલાક ખુલ્લા રહે છે. (શાખા ગ્રંથાલય દૈનિક છ કલાક કાર્ય કરે છે.) ગ્રામ ગ્રંથાલયોનો મૂળભૂત ઉદ્દેશ તેને શાખા ગ્રંથાલયોમાં વિકસાવવાનો છે.

ગ્રામ પંચાયતો અથવા અન્ય સંગઠનોને જો તેમને વિના મૂલ્યે જગ્યા પૂરી પાડવા આવી હતી તેમણે ગ્રામ ગ્રંથાલયો શરુ કર્યા છે. કેટલાક ગ્રામ ગ્રંથાલયો તેમના પોતાના મકાનમાં આવેલ છે અને બાકીના ભાડા સિવાયના મકાનમાં ચાલે છે.

- **પુસ્તક થાપણ (Book Deposit Centre) :**

ગ્રંથ પરિભ્રમણ કેન્દ્ર કાયદામાં વ્યાખ્યાયિત કર્યા પ્રમાણે ગ્રંથ પરિભ્રમણ કેન્દ્ર અથવા પુસ્તક વિતરણ મથક સામાન્ય રીતે જે ગામમાં 1000થી 5000 સુધીની વસ્તી હોય અને શાખા ગ્રંથાપાલ અથવા જિલ્લા મધ્યસ્થ ગ્રંથાલયથી 8 કિ.મી. સુધીની ત્રિજ્યામાં આવેલ હોય ત્યાં ખોલવામાં આવેલ છે. આ કેન્દ્રો પૈકી મોટા ભાગના ગામની શાળામાં આવેલા છે અને નિયત માસિક મહેનતાણું ચૂકવી એક શિક્ષકને કાર્યનો હવાલો આપવામાં આવે છે. કેન્દ્રો હોસ્પિટલ, જેલઓમાં કોર્ટ અને કારખાના આવેલા છે. જિલ્લા મધ્યસ્થ પુસ્તકાલય અથવા શાખા ગ્રંથાલયમાંથી 15 દિવસે પુસ્તકો બદલવામાં આવે છે. પંચાયત સંસ્થાના શિક્ષકની બદલી થતા જ્યાં સુધી બીજો શિક્ષક મૂકવામાં ન આવે ત્યાં સુધી સેવામાં વિક્ષેપ પડે છે.

- **ફરતા ગ્રંથાલયો (Mobile Libraries) :**

સરકારી ફરતું ગ્રંથાલય ઈલુરૂની રચના 1956માં કરવામાં આવી હતી જેના ઘણા સેવા બિંદુઓ (Service Points) છે જે આ ગ્રંથાલયના ગ્રાહકો (વાચકો)ની માગણી અનુસાર તેલુગુ ભાષામાં રામાયણ, મહાભારત, કાશીમાજિતી, જીવનચરિત્રો, ભાષાંતરો, નવલકથાઓ અને બાળ સાહિત્ય પૂરું પાડે છે. ફરતા ગ્રંથાલય દ્વારા ચિત્રપટ, વ્યાખ્યાનો, પુસ્તક પ્રદર્શનનું આયોજન કરવામાં આવેલ છે.

- **રિક્ષા- સાયકલ ગ્રંથાલયો :**

  સ્ત્રીઓ, વૃદ્ધો અને અપંગ વ્યક્તિઓ કે જે ગ્રંથાલયોમાં ન જઈ શકે તેવા માટે વાચન સુવિધા પૂરી પાડવા કેટલાક ગ્રંથાલયો કેટલાક સ્થળોએ ખાસ કરીને ક્રિષ્ણા જિલ્લામાં ઘેર ઘેર રિક્ષામાં લગભગ 200 પુસ્તકો લઈ જઈ તાત્કાલિક પુસ્તકો પૂરું પાડવાનું શરુ કરેલ, રિક્ષાને બદલે સાયકલોનો પણ ઉપયોગ કરવામાં આવ્યો હતો.

### 9.5.3 તામિલનાડુ (Tamilnadu) :

તામિલનાડુ એ ગ્રથાલય ધારો હોય તેવું પ્રથમ રાજ્ય છે. મદ્રાસ સાર્વજનિક ગ્રંથાલય ધારો 1948માં પસાર કરવામાં આવ્યો હતો. આ કાયદા પ્રમાણે દરેક જિલ્લામાં સભ્યો ધરાવતા ગ્રંથાલય સત્તા મંડળની સ્થાપના કરવામાં આવી. દરેક ગ્રંથાલય સત્તા મંડળ સંપત્તિવેરા અથવા ઘરવેરા ઉપરના વધારાના વેરાના સ્વરૂપમાં ગ્રંથાલય ઉપકર લઈ શકાશે. મદ્રાસ સિવાય તમામ ગ્રંથાલય સત્તા મંડળો દ્વારા એકત્રિત કરવામાં આવતા ઉપકરને અનુરૂપ અનુદાન સરકાર આપશે. ગ્રંથાલયોની બાબતમાં સલાહ આપવા રાજ્યના શિક્ષણ પ્રધાનના નેતૃત્વ નીચે રાજ્ય ગ્રંથાલય સમિતિની રચના કરવામાં આવી. સાર્વજનિક ગ્રંથાલયોના નિયામક નીચેના હેતુઓ માટે નિમણૂંક કરવામાં આવી :

1. રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલયનું સંચાલન કરવું.
2. તમામ સ્થાનિક ગ્રંથાલય સત્તા મંડળના કાર્યનું નિયમન અને નિરીક્ષણ કરવું.
3. સાર્વજનિક ગ્રંથાલયોની બાબતમાં નિરીક્ષણ કરવું અને માર્ગદર્શન દોરવણી આપવી તથા આ કાયદા નીચેના ગ્રંથાલયોને કાર્ય અહેવાલ સરકારને સોંપવો.

- **સંયોજનાત્મક માળખું (Organisational Structure) :**

  માળખું પિરામિડ પ્રકારનું છે. રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય એક છે. કેનમારા સાર્વજનિક ગ્રંથાલય (તે સમયના મદ્રાસના ગવર્નર લોર્ડ કેનમારાના નામ સાથે જોડાયેલ છે.) 5મી ડિસેમ્બર 1896માં શરું થયેલ 1લી એપ્રિલ 1950માં મદ્રાસ સાર્વજનિક ગ્રંથાલય ધારાથી તે રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય થયું.

  તામિલનાડુમાં સાર્વજનિક ગ્રંથાલય પદ્ધતિનુ માળખું આ પ્રમાણે છે.

  - રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય
  - જિલ્લા મધ્યસ્થ ગ્રંથાલય
  - શાખા ગ્રંથાલયો
  - વિતરણ મથકો
  - ફરતા ગ્રંથાલયો

  સુબ્બારાયન કમિટી (1974)ની ભલામણ અનુસાર સ્થાનિક ગ્રંથાલય સત્તા મંડળો નાબૂદ કરવામાં આવ્યા અને જિલ્લા કક્ષાએ ગ્રંથાલયો સેવા સુધારવા અને 3જી જાન્યુઆરી 1977થી 13 જેટલા વ્યવસાયિક ગ્રંથપાલોની પૂર્ણ સમયના જિલ્લા ગ્રંથાલય અધિકારી તરીકે નિમણૂંક કરવામાં આવી. રાજ્યના શહેરી તથા ગ્રામ વિસ્તારોમાં ગ્રંથાલય સેવાઓ સઘન બનાવવા વ્યવસાયિક ગ્રંથપાલના વડપણ નીચે અલગ સાર્વજનિક ગ્રંથાલયોના નિયામકના કાર્યાલયની રચના (5મી જુલાઈ, 1972) કરવામાં આવી.

### 9.5.4 કર્ણાટક (Karnataka) :

ઈ.સ. 1965માં મૈસુર સાર્વજનિક ગ્રંથાલય ધારો 1965 પસાર કરવામાં આવ્યો. પાછળથી તેનું નામ કર્ણાટક સાર્વજનિક ગ્રંથાલય ધારો 1965 બદલવામાં આવ્યું.

- **ગ્રંથાલયોના પ્રકાર :**

  આ કાયદામાં નીચે મુજબના સાર્વજનિક ગ્રંથાલયોના પ્રકારની રચના કરવા સૂચવવામાં આવેલ છે.

**(A) રાજ્યના પોતાના ગ્રંથાલયો (State Owned Library)**

1. રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય
2. રાજ્યના મુખ્ય શહેરોમાં શહેર મધ્યસ્થ ગ્રંથાલય
3. પ્રશાસકીય દરેક જિલ્લામાં જિલ્લા મધ્યસ્થ ગ્રંથાલય
4. શાખા ગ્રંથાલયો
5. ગ્રામ ગ્રંથાલયો

**(B) અનુદાનિત ગ્રંથાલયો (Aided Libraries)**

કાયદો અનુદાન પાત્ર ગ્રંથાલયોને માન્યતા આપે છે. અર્થાત્ રાજ્ય ગ્રંથપાલે કાયદા દ્વારા બનાવેલા નિયમો અનુસાર અનુદાન મેળવવાની પાત્રતા ધરાવતા હોય તેવા જાહેર કરેલા ગ્રંથાલયો.

- **રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય (The State Central Library) :**

કાયદા અનુસાર સાર્વજનિક ગ્રંથાલય, બેંગ્લોર ને રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય તબદિલ કરવામાં આવ્યું. કુલોન પાર્કમાં તેને પોતાનું મકાન છે. અને સામાન્ય ગ્રંથાલય ઉપરાંત રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય નીચેના વિભાગો ધરાવે છે.

1. રાજ્ય કોપીરાઈટ સંગ્રહ કેન્દ્ર
2. અંધજનો માટેનું અલાયદું ગ્રંથાલય
3. રાજ્ય વાઙ્મયસૂચિ કેન્દ્ર
4. રાજ્ય આંતર-ગ્રંથાલય લોન કેન્દ્ર
5. ટેકનિકલ સેવાઓનું કેન્દ્ર

રાજ્યની ગ્રંથાલય પદ્ધતિ યોગ્ય રીતે કાર્ય કરી શકે તે માટે પુસ્તકો અને અન્ય સામગ્રીના સંગ્રહ તરીકે તેની જાળવણી કરવામાં આવે છે અને 1987માં સંદર્ભ ગ્રંથાલય તરીકે જાહેર કરવામાં આવેલ છે.

તે સમગ્ર રાજ્યમાં ગ્રંથાલયોના વિકાસ અને જિલ્લા મધ્યસ્થ ગ્રંથાલયોના પુસ્તક સંગ્રહની કેન્દ્રિય ખરીદી અને તેની પ્રસાધન ક્રિયાના નિરીક્ષણ માટે જવાબદાર છે. જિલ્લા મધ્યસ્થ ગ્રંથાલયો તમામ 20 જિલ્લાઓના મુખ્ય મથકે આવેલા છે. આ જિલ્લા ગ્રંથાલયો મૂળભૂત રીતે જિલ્લાના ગ્રામ વિસ્તારોમાં ગ્રામ ગ્રંથાલય સેવાઓની સ્થાપના કરવા અને જાળવણી કરવા માટે જવાબદાર છે. રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય તમામ જિલ્લા મધ્યસ્થ ગ્રંથાલયો માટે પુસ્તકો પ્રાપ્ત કરે છે અને નવાં પ્રાપ્ત કરેલ પુસ્તકો જિલ્લા મધ્યસ્થ ગ્રંથાલય દ્વારા વિવિધ ગ્રંથાલયોમાં મોકલવામાં આવે છે.

નાના ગ્રંથાલયોને 500થી 1000 પુસ્તકો સુધીનો અરસપરસ બદલી શકાય તેવો સ્ટોક હોય છે જે જનસમૂહ કેન્દ્રો અથવા સરકારી કાર્યાલયોમાં અથવા જનતાના પ્રયત્નોથી ભાડા સિવાયના ખાનગી મકાનમાં સંચાલન કરવામાં આવતું હોય ત્યાં હોય છે.

- **શાખા ગ્રંથાલયો (Branch Library) :**

આ (શાખા ગ્રંથાલયો), ગ્રંથાલયોની ગ્રામ સેવાના સૌથી મોટા કેન્દ્રો છે એમ સૂચવવામાં આવેલ છે કે તમામ પુસ્તક કેન્દ્રો પ્રસંગોપાત શાખા ગ્રંથાલયોમાં વિકાસ પામશે. હાલ 334 પૂર્વ સમયના શાખા ગ્રંથાલયો છે જેમની પાસે 3000થી 20,000 સુધીનો ગ્રંથસંગ્રહ છે અને 1000થી 6,000 સુધીની વાચક સભ્ય સંખ્યા છે જે અઠવાડિયાના 50 કલાક ખુલ્લા રહે છે અને પગાર ચૂકવવામાં આવતા કર્મચારી હોય છે. શાખા ગ્રંથાલય સ્તરે વિકાસ કાર્યક્રમો કે સહાય કરવા સમુદાય સમિતિ હોય છે. દરેક શાખા ગ્રંથાલય સ્તરે પ્રજાના પ્રયત્ને મોટા ભાગે ખાનગી ક્ષેત્રમાંથી ભેટ અથવા દાનની રીતથી ગ્રંથાલય માટે મકાનની જોગવાઈ તથા પુસ્તક વગેરે ખરીદવા સહાય એકત્રિત કરવાની હોય છે.

- **શહેર મધ્યસ્થ ગ્રંથાલય (City Central Libraries) :**

શહેર મધ્યસ્થ ગ્રંથાલયો નીચેના 10 શહેરોમાં આવેલા છે. જે નાગરિકોને સાર્વજનિક ગ્રંથાલયસેવા જે તે શહેરોમાં 45 શાખાઓ તથા 55 સેવાકેન્દ્રો વડે પૂરી પાડે છે.

- બેંગ્લોર
- બેલગાંવ
- ધારવાર
- મૈસુર
- દેવણગોર
- હસ્સન
- ગુલબર્ગ
- બીજાપુર
- શિમોગા
- KGF

કર્ણાટકના લોકોએ સાર્વજનિક ગ્રંથાલયોની ભૂમિકાની અગત્યતા જાણી છે. દરેક ગામે ગ્રંથાલયની સુવિધાઓમાં રસ બતાવ્યો છે. અસરકારક ગ્રંથાલય સેવાઓના સંગઠન માટે કર્ણાટકના નાગરિકોએ વિવિધ સ્રોત જેવા કે દાન, મેળા, લાભાર્થી કાર્યક્રમ, નૃત્ય અને સંગીતને લગતા કાર્યક્રમોમાંથી નાણાં એકત્રિત કરી ગ્રામ ગ્રંથાલયોના મકાન બાંધવા માટે ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ.

કર્ણાટકના સાર્વજનિક ગ્રંથાલયો નાગરિકોને ફક્ત પુસ્તકો લઈ જવાની સુવિધા પૂરી પાડતા નથી પરંતુ તાલીમ પામેલા સ્ટાફને રોજગારી પણ પૂરી પાડે છે. વાચન માટે સગવડો, સંદર્ભસેવા અને અભ્યાસ, પ્રદર્શન, પુસ્તક પ્રદર્શિત કરવા, વ્યાખ્યાન, સમૂહ ચર્ચા, વાર્તાકથન કલાક આ બધા ગ્રંથાલયના નિયમિત કાર્યક્રમના ભાગ બન્યા છે. એવું ચિત્ર ઉપસવા પામેલ છે કે આસપાસના વિસ્તારના તમામ જનસમુદાયને સમાજના વિવિધ વર્ગ અને સ્તરના લોકોને અનુકૂળ હોય અને જરૂરિયાત હોય તેવી પ્રવૃત્તિઓ હાથ ધરીને સાર્વજનિક ગ્રંથાલયમાં સામેલ કરવા જોઈએ.

- **ફરતું પુસ્તકાલય કાર્યક્રમ (Book Mobile Programme) :**

કર્ણાટકમાં ફરતા પુસ્તકાલય કાર્યક્રમનો પ્રારંભ 1970માં મૈસુર શહેરની આસપાસના વિસ્તારોમાં સાર્વજનિક ગ્રંથાલય સેવાનો વિસ્તાર કરવામાં આવ્યો હતો. ફરતું પુસ્તકાલય કાર્યક્રમ મૈસુર શહેરની ચોતરફના વિસ્તારના જનસમુદાયને 15 દિવસમાં સોમવારથી શુક્રવાર સુધીમાં એક વાર મુલાકાત લઈ એક જગ્યાએ ઊભા રહી ગ્રંથાલયસેવા આપવામાં આવે છે. ગ્રંથપાલ શહેર મધ્યસ્થ ગ્રંથાલયમાં હોય છે તેમને દરરોજ સાંજે પુસ્તકો પરત આપવામાં આવે છે અને બીજા દિવસ માટેના પુસ્તકો લઈ જવામાં આવે છે. મૈસુર શહેર મધ્યસ્થ ગ્રંથાલય દ્વારા સ્ટાફ રાખવામાં આવે છે અને તેને નિભાવવામાં આવે છે. આ સેવા એ કર્ણાટક સાર્વજનિક ગ્રંથાલય મૈસુર પબ્લિક લાયબ્રેરી એક્ટ 1965ના અમલ પછી, સૌથી ઉપર રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલયથી શરૂ કરીને નાના ગામડાઓને ગ્રામ ગ્રંથાલયો, શાખા ગ્રંથાલયો અને ફરતા ગ્રંથાલયોના નેટવર્ક દ્વારા લોકોને સારી ગ્રંથાલય સેવાઓ આપી રહ્યા છે. ડૉ. એસ. આર. રંગનાથનની જિંદગીના અંતિમ દિવસો દરમિયાન (DRTC)માં તેમની હાજરી તથા તેમની પ્રેરણાની નોંધ લેવી કિંમતી ગણાશે. સંપૂર્ણ નિરક્ષરતા નાબૂદ કરવાની સરકારની વિવિધ યોજનાઓ તથા સામાન્ય શિક્ષણ પદ્ધતિના વિકાસે કર્ણાટકના લોકોને મફત સાર્વજનિક ગ્રંથાલય સેવાઓ અંગે ચેતનવંતા બનાવ્યા છે. ગ્રંથાલયો ક્ષેત્રે કર્ણાટક આગેવાન રાજ્યો પૈકીનું એક છે તેનું આ કારણ છે.

◆ **તમારી પ્રગતિ ચકાસો :**

4. મહારાષ્ટ્ર, કર્ણાટક, આન્ધ્રપ્રદેશ અને તમિલનાડુમાં સાર્વજનિક ગ્રંથાલય પદ્ધતિના સંયોજનાત્મક માળખાને રજૂ કરો.

નોંધ : 1. નીચે આપેલી જગ્યામાં તમારા ઉત્તરો લખો.

2. આ એકમના અંતે આપેલ ઉત્તરો સાથે તમારા ઉત્તર ચકાસો

.....................................................................................

.....................................................................................

.....................................................................................

.....................................................................................

.....................................................................................

.....................................................................................

## 9.6 સારાંશ (SUMMARY) :

આ એકમમાં આપણે સાર્વજનિક ગ્રંથાલય પદ્ધતિનું સંયોજનાત્મક માળખું એટલે શું નો અર્થ શીખ્યા

1. રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય
2. વિભાગીય / પ્રાદેશિક ગ્રંથાલયો
3. જિલ્લા મધ્યસ્થ ગ્રંથાલય
4. શાખા ગ્રંથાલયો / બ્લોક- તાલુકા ગ્રંથાલયો
5. પુસ્તક પરિભ્રમણ / સેવાઘટકો
6. ગ્રામ ગ્રંથાલયો
7. ફરતા ગ્રંથાલયો

સાર્વજનિક ગ્રંથાલયોની રચના પાછળના તર્કસંગત સિદ્ધાંત આ પ્રમાણે છે.

(અ) ગ્રંથાલય વિજ્ઞાનનું બીજું સૂત્ર અર્થાત્ દરેક વાચકને તેનું પુસ્તક મળે.

(બ) તમામ વિષયોમાં / ભાષાઓમાં વાચકોની પસંદગી અનુસાર માહિતી સ્રોત

(ક) વ્યક્તિગત / સમાજનો ઇતિહાસ

આપણે એ પણ શીખ્યા કે (અ) આ માર્ગદર્શિકાઓ ભારતના જે રાજ્યોમાં ગ્રંથાલયધારા છે તેમાં અમલ કરવામાં આવ્યો છે. (બ) છેલ્લા ચાર દાયકાઓમાં આપણે કેટલા અંશે સંતોષી શક્યા છીએ (ક) માર્ગદર્શિકાઓના અમલીકરણમાં આવતી મુશ્કેલીઓ.

આ હેતુ માટે આપણે ચાર રાજ્યો- મહારાષ્ટ્ર, આન્ધ્રપ્રદેશ, તમિલનાડુ અને કર્ણાટકની સાર્વજનિક ગ્રંથાલયોની સાંપ્રત પરિસ્થિતિઓનો અભ્યાસ કર્યો.

1. રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલયની રચના સરકારી ફંડોમાંથી તમામ રાજ્યોમાં કરવામાં આવી છે. તેમ છતાં તેના એક છેડે રાષ્ટ્રીય ગ્રંથાલય કલકત્તા અને બીજા છેડે વિભાગીય / પ્રાદેશિક અને જિલ્લા ગ્રંથાલય સાથે કોઈ જોડાણ નથી.
2. મહારાષ્ટ્ર રાજ્યમાં વિભાગીય / પ્રાદેશિક ગ્રંથાલયોની રચના કરવામાં આવેલ છે.
3. શહેર મધ્યસ્થ ગ્રંથાલયોની રચના તમિલનાડુ, કર્ણાટક અને આન્ધ્ર પ્રદેશમાં કરવામાં આવી છે.
4. જિલ્લા મધ્યસ્થ ગ્રંથાલયની રચના તમિલનાડુ, કર્ણાટક, આન્ધ પ્રદેશમાં સરકારી નાણામંથી કરવામાં આવેલ છે. તેમ છતાં મહારાષ્ટ્રમાં અન્ય જિલ્લા ગ્રંથાલયોને જિલ્લા ગ્રંથાલયો તરીકે માન્યતા આપેલ છે.
5. શાખા ગ્રંથાલયો / બ્લોક તાલુકા ગ્રંથાલયોની રચના તામિલનાડુ, આન્ધ્ર પ્રદેશ અને કર્ણાટકમાં કરવામાં આવેલ છે. મહારાષ્ટ્રમાં જિલ્લા, તાલુકા અને શહેર, કસ્બા ગ્રંથાલયોને અનુદાનિત સાર્વજનિક ગ્રંથાલયો તરીકે માન્યતા આપવામાં આવેલ છે. મહારાષ્ટ્ર સરકાર દ્વારા આ સ્થળોએ કોઈ પણ ગ્રંથાલયની સ્થાપના કરેલ નથી.

6. ફરતા ગ્રંથાલયસેવા થોડા શહેરો / જિલ્લાઓમાં શરુ કરવામાં આવી છે.

7. ગ્રામ વિસ્તારોમાં ગ્રંથાલયસેવાને મોટાભાગના રાજ્યોમાં અવગણવામાં આવેલ છે. આ ગ્રંથાલયોમાં નવા પુસ્તકો નિયમિત મોકલવામાં નથી આવતા.

8. આ ગ્રંથાલયોનું સાર્વજનિક ગ્રંથાલયોના નિયામક કે જે રાજ્યમાં સાર્વજનિક ગ્રંથાલયોનું નિરીક્ષણ કરે છે તેના દ્વારા યોગ્ય જોડાણ નથી.

9. રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલયે પ્રાદેશિક ભાષામાં પ્રકાશિત થતા પુસ્તકોની કોઈ વાઙ્મયસૂચિ પ્રકાશિત કરી નથી.

10 આ તમામ રાજ્યોમાં ગ્રંથાલય પદ્ધતિ, સાર્વજનિક ગ્રંથાલયોના વિકાસ માટે પૂરતા નાણાંના અભાવે મજબૂત ગ્રંથાલય સંઘોના સ્વરૂપમાં દોરવણીના અભાવમાં વધુ આગળ લઈ જવા માટે વિકાસ પામી નથી.

## 9.7 તમારીપ્રગતિ ચકાસોના ઉત્તરો (ANSWER TO SELF-CHECK EXCERCISE)

1. સાર્વજનિક ગ્રંથાલયોનું સંયોજનાત્મક માળખું એટલે સાર્વજનિક ગ્રંથાલયોની જુદા જુદા વિસ્તારોમાં રાજ્યોથી શરુ કરીને ગામ સ્તર સુધી સ્થાપના કરવી.

2. સાર્વજનિક ગ્રંથાલય પદ્ધતિના ઘટકોમાં સાર્વજનિક ગ્રંથાલયોની સ્થાપના અને જાળવણી જુદી જુદી કક્ષાના સાર્વજનિક ગ્રંથાલયોનું જોડાણ, વહીવટી ગ્રંથાલય સત્તા મંડળ અને ગ્રંથાલય સંઘો સાર્વજનિક ગ્રંથાલયોની ચળવળને પ્રોત્સાહિત કરવી અને જાળવવી વગેરેનો સમાવેશ થાય છે.

3. આદર્શ સાર્વજનિક ગ્રંથાલયધારાએ ગ્રંથાલય પદ્ધતિનું અસરકારક માળખું નીચે પ્રમાણે સૂચવ્યું છે.

   (a) સાર્વજનિક ગ્રંથાલયો માટે સ્વતંત્ર વિભાગ

   (b) વ્યવસાયિક લાયકાત ધરાવતા પૂર્ણ સમયના નિયામક

   (c) રાજ્ય / જિલ્લા/ શહેર/ સ્થાનિક સત્તા મંડળ

   (d) રાજ્ય સરકારના અનુરૂપ ફાળા સાથેનો ગ્રંથાલય ઉપકર

4. સાર્વજનિક ગ્રંથાલય પદ્ધતિનું આ રાજ્યો- મહારાષ્ટ્ર, કર્ણાટક, આન્ધ્રપ્રદેશ અને તમિલનાડુમાં સંયોજનાત્મક માળખું નીચે મુજબ છે.

| **મહારાષ્ટ્ર** | **કર્ણાટક** |
|---|---|
| રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય | રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય |
| પ્રાદેશિક / વિભાગીય ગ્રંથાલય | શહેર મધ્યસ્થ ગ્રંથાલય |
| જિલ્લા ગ્રંથાલય | જિલ્લા મધ્યસ્થ ગ્રંથાલય |
| માન્યતા / અનુદાનિત ગ્રંથાલય | શાખા ગ્રંથાલય |
| | ગ્રામ ગ્રંથાલય |
| | અનુદાનિત ગ્રંથાલય |

| **આન્ધ્ર પ્રદેશ** | **તામિલનાડુ** |
|---|---|
| રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય | રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય |
| પ્રાદેશિક ગ્રંથાલય | જિલ્લા મધ્યસ્થ ગ્રંથાલય |
| જિલ્લા મધ્યસ્થ ગ્રંથાલય | શાખા ગ્રંથાલય |
| શાખા ગ્રંથાલય | વિતરણ મથકો |
| પુસ્તક સંગ્રહ કેન્દ્ર | ફરતું પુસ્તકાલય |
| ફરતા ગ્રંથાલયો | |
| રિક્ષા / બાઈસીકલ ગ્રંથાલય | |

## 9.8 ચાવીરૂપ શબ્દો (KEY WORDS)

**ગ્રંથાલય પદ્ધતિ (Library System) :**

રાજ્યના તમામ ગ્રંથાલયોનું નેટવર્ક જે સૌથી ઉપરની તરફ જતું(hierarhical) જીવંત માળખું ધરાવતું જોડાણ જેનું સંપૂર્ણ અથવા અંશતઃ ખર્ચ સરકાર દ્વારા થતું હોય.

**ગ્રંથાલય સત્તા મંડળ (Library Authority) :**

રાજ્ય / સ્થાનિક સરકારનું એકમ જે સાર્વજિનક ગ્રંથાલય સેવાઓની જોગવાઈ કરવા જવાબદાર હોય.

**ફરતુ ગ્રંથાલય (Mobile Centre) :**

એવું વાહન જે ગ્રંથાલયસેવાઓ પૂરી પાડવા માટે રચના કરેલ હોય, સાધનો હોય.

**પિરામિડ આકાર (Pyramidal)**

સઘન માળખું જેનો આધાર ચોરસ અથવા ત્રિકોણાકાર અને બાજુઓ ઢાળવાળી હોય અને ટોચ ઉપર એક બિંદુએ મળતી હોય.

**માર્ગદર્શક કેન્દ્ર (Referral Canter)**

એવું કેન્દ્ર જે જરૂરી માહિતી પૂરી પાડવા શક્તિમાન ન હોય, પ્રશ્ન પૂછનારને અપેક્ષિત સ્રોત અથવા સેવાનો સંદર્ભ આપે છે.

## 9.9 સંદર્ભો અને વિશેષ વાચન :

India. Advisiory Committee Libraries, 1957. (Chairman K. P. Sinha) New Delhi : a Ministry of Education and Youth Services.

The Andhra Pradesh Public Library Act, 1960

The Maharshtra Public Library Act, 1967.

The Mysore (Karnataka) Public Library Act 1965 and Rules and Notifications thereunder. (1967). Bangalore. Department of Law and Parliamentary Affairs.

Venkatepaia, Velga. (1994). Model Public Library legistation, New Delhi Concept Publishing Co.

Verma, L. N and Agarwal, U. K. Eds. (1994) Public Libraries in Karnataka by A. A. N. Raju. Public Library Services in India, Delhi : Himansu Publications.

Verma, L. N and Agarwal, U. K. Eds. (1994) Public Libraries in Tamil Nadu by Thillainayagam, V.. Public Library Services in India, Delhi : Himansu Publications / pp135-140